**સ્પે.દિવાની મુ.નં.૨૬૭/૨૦૧૭**

**<u>આંક–૧ તળેનો હુકમઃ</u>**

આ કામે વાદીપક્ષે હાલનો દાવો **તા.૨૭/૦૬/૨૦૧૭** ના રોજ દાખલ કરવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતાં, આ દાવાના કામે તા.૨૬/૦૨/૨૦૨૦ ના રોજ મુદ્ધા ઘડવામાં આવેલ છે. ત્યારબાદ, હાલનો દાવો લાંબા સમયથી વાદીના પુરાવાના સ્ટેજ ઉપર ચાલી આવેલ છે અને આ કોર્ટ દ્ધારા આ દાવાના કામે વાદી તર્ફે લાંબા સમયથી કોઇ હાજર રહેતું ન હોવાછતાં, વાદીપક્ષને પુરાવો રજુ કરવાની પુરતી તક આપવાના હેતુથી, હાલનો દાવો અવારનવાર વાદીની ગેરહાજરી હોવાછતાં, તેમના પુરાવાના સ્ટેજ ઉપર અત્યાર સુધી મુલતવી કરવામાં આવેલ છે. તેમજ છેલ્લી મુદ્ધતે વાદીપક્ષને તેમના મુદ્ધત રીપોર્ટ અનુસંધાને પુરાવો રજુ કરવા માટે ફરીથી તક આપવામાં આવેલ હતી. તેમછતાં, આજરોજ પણ વાદીપક્ષે પુરાવો રજુ કરવા માટે કોઇ હાજર નથી કે તેમના તર્ફે કોઇ રીપોર્ટ રજુ થયેલ નથી. વધુમાં, આજરોજ પ્રતિવાદીપક્ષે વકીલશ્રી હાજર છે.

આમ, રેકર્ડ ઉપરથી વાદીપક્ષને હાલનો દાવો આગળ ચલાવવામાં રસ ન હોવાનું સ્પષ્ટપણે રેકર્ડ પરથી ફલીત થાય છે. તે સંજોગો ધ્યાને લેતાં તથા હાલનો દાવો ૫ વર્ષથી પણ જુનો **સને–૨૦૧૭** નો દાવો છે, તે સંજોગોમાં આ કોર્ટને હાલનો દાવો વધુ મુલતવી રાખવાનું ઉચિત જણાતું નથી. તે તમામ સંજોગોમાં, **સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૮** ની જોગવાઇ ધ્યાને લેતાં, હાલનો દાવો વાદીની ગેરહાજરી તથા વાદીપક્ષના કસુરના કારણે તથા વાદીપક્ષે વોન્ટ ઓફ પ્રોસીક્યુશનના કારણે રદ્ધ (Dismissed for Default) કરવાનો હુકમ કરવામાં આવે છે.

કેસના સંજોગો ધ્યાને લેતાં દાવા અંગેનો ખર્ચ જે તે પક્ષકારો જાતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૨૧ મી, એપ્રિલ, સને–૨૦૨૨ ના રોજ વાંચી, સંભળાવી, ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૧/૦૪/૨૦૨૨.

(મહેન્દ્રસિંહ ભંવરસિંહ રાઠોર)
પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ,
અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર
(જજ કોડ નંબરઃ જી.જે.૦૦૮૨૭)